सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૨/૦૫/૨૦૨૬. | | |
| ફેસલ તારીખ | ૦૨/૦૬/૨૦૨૬. | | |
| અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૦ |

# જામનગરનાં સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ.

ફોજદારી પરચુરણ અરજી નં.૬૬૧/૨૦૨૬.
આંક-૪.

**અશ્વિનભાઈ વિનોદભાઈ છૈયા,**
ઉ.વ. ૪૫, ધંધો : ખેતી,
રહે.શાસ્ત્રીનગર, શંકરટેકરી,
ક્રિષ્ના ગાર્ડન પાસે, ડાગરવાળા,
દિગ્વિજય પ્લોટ, જામનગર. :: અરજદાર.

**વિરુદ્ધ**

**શ્રી સરકાર,**
થ્રુ : જીલ્લા સરકારી વકીલશ્રી,
જામનગર. :: સામાવાળા.

**જગદિશ મેસુરભાઈ મકવાણા,**
ઉ.વ. ૩૪, ધંધો : ખેતી,
રહે.હડિયાણા, તા.જી.જામનગર. :: આરોપી.

બાબત : ક્રિ.પ્રો. કોડ કલમ-૪૪૪ મુજબ જામીન તરીકે છુટા થવા અરજી.

અરજદાર તરફે વિ.વ. શ્રી વી.એચ. કનારા.
સામાવાળા તરફે વિ.એ.પી.પી. શ્રી ડી.આર. ત્રિવેદી.

## -:: <u>ચુકાદો</u> ::-

**૧.** અરજદારે હાલની અરજી ક્રિ.પ્રો. કોડ કલમ-૪૪૪ મુજબ જામીન બદલવા માટે દાખલ કરેલી છે.

**૨.** આ કામનાં અરજદારની અરજીની ટૂંકમા વિગત એવી છે કે, આરોપી વિરુદ્ધ જોડીયા પોલીસ સ્ટેશનમા ગુ.ર. નં.૧૧૨૦૨૦૨૫૨૨૦૪૨૪/૨૦૨૨ થી ઇ.પી. કોડ કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૩૨૫, ૩૫૨, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી. એકટ કલમ-૧૩૫(૧) (સેશન્સ કેસ નં.૮૭/ ૨૦૨૩) મુજબનાં નોંધાયેલા ગુન્હાનાં કામે આરોપી જગદિશ મેસુરભાઇ મકવાણાને ફોજદારી પરચુરણ અરજી નં.૧૬૬૧/૨૦૨૨ નાં કામે થયેલા હુકમ મુજબ જામીન મુકત કરવામા આવતા તેઓનાં જામીન અરજદાર પડેલા હતાં. અરજદારને ચૂંટણીમા ઉમેદવારી પત્ર ભરવા માટે જામીનગીરી વાળી મિલકત ગામ નમુના નં.૭ મા કરવામા આવેલ નોંધ રદ કરવી જરુરી હોવાથી અને તેઓ નવા જામીન તરીકે વિક્રમ નરસંગ બાલસરાને રજુ કરવા માગતા હોય, તેઓને નવા જામીન તરીકે સ્વિકારવા અને જુના જામીનદારને જામીન તરીકે છુટા કરવા માટે હાલની અરજી દાખલ કરેલી છે.

**૩.** ઉપરોકત હકીકતે અરજદારે આજ તા.૨/૬/૨૦૨૬ નાં રોજ નવા જામીન રજુ કરેલા હોય અને નવા જામીનનાં આધાર પુરાવાઓ હાલનાં કામે રજુ કરી તેની એક નકલ સેશન્સ કેસ નં.૮૭/૨૦૨૩ નાં કામે સામેલ રાખવામા આવેલી છે. તેથી, હાલનાં કામનાં આરોપીનાં જામીન અશ્વિન વિનોદભાઇ છૈયાને જામીન તરીકે છુટા કરવા માટે ન્યાયનાં હીતમા વ્યાજબી કારણો જણાઇ આવતા હોય, નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## -:: <u>હુકમ</u> ::-

**૧.** અરજદારની હાલની અરજી મંજુર કરવામા આવે છે.

**૨.** હાલનાં કામનાં આરોપીનાં જામીન અશ્વિનભાઇ વિનોદભાઇ છૈયાને હાલ નાં કામેથી જામીન તરીકેથી છુટા કરવાનો અને અરજદારે રજુ કરેલા નવા જામીન વિક્રમ નારસંગ બાલસરાનાં તમામ પેપર્સ અસલ સેશન્સ કેસ નં.૮૭/૨૦૨૩ નાં કામે તથા તેની નકલ હાલનાં કામે સામેલ રાખવાનો હુકમ કરવામા આવે છે.

**3.** રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, જામનગરનાંઓએ આરોપીનાં જુના જામીન અશ્વિનભાઇ વિનોદભાઇ છૈયાનાં દસ્તાવેજોમા જામીન તરીકેનાં કરવામા આવેલા શેરાને રદ કરવા અંગે જરૂરી કાર્યવાહી કરવી.

**૪.** હુકમની યાદી, રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, જામનગરને કરવી.

આ હુકમ આજરોજ તા.૨[જી] જુન, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

જામનગર.
તા.૨/૬/૨૦૨૬.
વી.વી. જોટાણીયા.

Digitally signed by
NEHAL RAJESHBHAI JOSHI
on 02/06/2026 17:05:26 IST.

(**નેહલકુમાર રાજેશભાઇ જોષી**)
સેશન્સ જજ
કોડ નં.જીજે ૦૧૩૧૮, જામનગર